# કોરોના બેકાબુ બન્યો : જિલ્લામાં તંત્ર-પ્રજા લાચાર : નવા ૩૨૫ કેસ

## ગ્રામીણ વિસ્તારમાં ૧૬૦ કેસ : ૬૧ મહિલા દર્દી : પાંચ વર્ષનું બાળક પણ સંક્રમિત થયુ : દહેગામમાં ૩૩, કલોલમાં ૨૮, ગાંધીનગરમાં ૪૬, માણસામાં ૫૩ કેસ નોંધાયા : સે-૨માં ૧૯, સે-૭માં ૧૦, સે-૨૨માં ૮, સે-૨૯માં ૭, સે-૧૩માં ૬ કેસ, સરગાસણમાં ૧૮, કુડાસણમાં ૧૧, વાવોલ-ઝુંડાલમાંથી ૭-૭, ભાટમાંથી ૬ કેસ મળી આવ્યા

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લામાં કોરોના બેકાબુ બનતાં જિલ્લાતંત્ર અને દર્દીઓ લાચાર સ્થિતિમાં મુકાયા છે. જિલ્લામાં ચેપરેટ લગભગ ૭ ટકાએ પહોંચ્યો છે. ગ્રામ્ય વિસ્તારોમાં ૪ દિવસથી રેપીડ એન્ટીજન ટેસ્ટની કીટો ખુટી પડવાની બુમરાણ મચી જવા પામી છે. કોરોનાએ જિલ્લાના જનજીવન અને આર્થિક તંત્રને લગભગ ખત્મ કરી દીધુ છે.

જિલ્લામાં આજે કોરોનાના નવા ૩૨૫ કેસ નોંધાયા છે. ગ્રામ્ય વિસ્તારમાં ૧૬૦ અને ગાંધીનગર શહેરમાં ૧૬૫ કેસ નોંધાયા છે. ગ્રામ્ય વિસ્તારમાં જે ઝડપથી સંક્રમણ વધી રહ્યુ છે તેનાથી તંત્ર હચમચી જવા પામ્યુ છે.

જિલ્લાના અંતરિયાળ ગામોમાં આરોગ્યની સુવિધાઓ ઉપલબ્ધ ન હોવાથી ગ્રામ્યજનોની મુશ્કેલી વધવા પામી છે. લોકો બેડ, ઓક્સિજન અને દવાઓ માટે સતત રઝળપાટ કરી રહ્યા છે. તંત્ર દ્વારા પી.એચ.સી., સી.એચ.સી. કક્ષાએ સારવાર શરૂ કરવામાં આવે તો હોસ્પિટલોમાં ભારણ ઘટે તેવી લાગણી લોકોમાં પ્રવર્તી રહી છે.

સારવારના અભાવે ગ્રામીણ વિસ્તારમાં મૃત્યુઆંક પણ વધવા પામ્યો છે. ગ્રામીણ પ્રજામાં વ્યાપેલા ભય અને ગભરાટને પણ દૂર કરવા તંત્રએ કમર કસવી જોઈએ અને ચેમ્બરો છોડી લોકો સુધી પહોંચવુ જોઈએ તેવી માંગ પ્રબળ બની રહી છે.

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના કેસો હવે દર ત્રણ દિવસે એક હજાર જેટલા નોંધાતા થઈ ગયા છે. તંત્ર દ્વારા આંકડાઓની માયાજાળ રચવામાં આવતી હોય પરંતુ ગ્રામીણ વિસ્તારોમાં પરિસ્થિતિ ખુબ જ કથળી ચુકી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા ૧૬૦ કેસમાં દહેગામમાં ૩૩, ગાંધીનગરમાં ૪૬, કલોલમાં ૨૮ અને માણસામાં ૫૩ કેસનો સમાવેશ થાય છે.

ગાંધીનગર બાદ હવે માણસા દહેગામમાં પરિસ્થિતિ કથળી રહી છે. જો કે કલોલમાં પણ સ્થિતિ ખરાબ હોવાનું ત્યાંના રહીશો કહી રહ્યા છે અને સાચા આંકડા તંત્ર દ્વારા નહિ અપાતા હોવાનું લોકોનું કહેવુ છે.

ગ્રામીણ વિસ્તારમાં જે ગતિએ સંક્રમણ વધી રહ્યુ છે તેને પગલે આરોગ્ય સેવાઓ સંપૂર્ણ રીતે ખોરવાઈ જવા પામી છે અને તેની વિપરીત અસરો વેક્સિનેશનના કાર્યક્રમ પર પડી રહી છે. જિલ્લામાં ૧૦૦ જેટલા ગામોએ તો સ્વયંભુ લોકડાઉનના નિર્ણયો લઈ લીધા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૪ દર્દીઓને સઘન સારવારની જરૂરિયાત જણાતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે ૬૧ મહિલા દર્દીઓ નોંધાઈ છે. મહિલા દર્દીઓની વધતી સંખ્યાએ તંત્રની ચિંતા વધારી છે.

ગ્રામીણ વિસ્તારમાં ૧૧ વિદ્યાર્થી, ૨૭ ખેડૂત, ૧૨ કર્મયોગી, ખાનગી નોકરી કરતા લોકો તેમજ નાના નાના રોજગાર ચલાવતા વેપારીઓ સંક્રમિત થયા છે. આજે પણ પાંચ વર્ષનું બાળક દહેગામમાંથી સંક્રમિત થયેલુ મળી આવેલ છે. જિલ્લામાં પરિવારોના પરિવાર સંક્રમિત થઈ રહ્યા હોવાથી પણ તંત્રની ચિંતા વધી છે.

જિલ્લાના દહેગામ તાલુકામાં આજે ૩૩ કેસ નોંધાયા છે. દહેગામ તાલુકાના અંતરિયાળ ગામોમાંથી કેસ મળવાના શરૂ થતાં તંત્રની દોડધામ વધી જવા પામી છે.

દહેગામ અર્બનમાંથી આજે એક પાંચ વર્ષના બાળક સહિત ૮ કેસ, પાટનાકુવા ગામેથી અને નાંદોલ ગામેથી ૩-૩ કેસ તેમજ શિયાવાડા, ડુમેચા, રખિયાલ, સાંપા, હાલીસા, વાસણા ચૌધરી ગામેથી ૨-૨ કેસ ઉપરાંત ગમીજ, હિલોલ, બાબરા, ધારીસણા, સામેત્રી, સુજાના મુવાડા, સાણોદા ખાતેથી પણ કેસ મળી આવ્યા છે.

ગાંધીનગર તાલુકામાં પહેલેથી જ બેકાબુ રહેલા કોરોનાએ તાલુકાના જનજીવનને ખોરવી નાખ્યુ છે. આરોગ્યની સેવાઓ પણ ખોરવાઈ છે. તાલુકામાં આજે નવા ૪૬ કેસ નોંધાયા છે.

તાલુકામાં આજે નોંધાયેલા કેસોમાં ઉવારસદ ગામેથી ૬, પ્રાંતિયા-અડાલજમાંથી ૪-૪, જાખોરા, મોટા ચિલોડા, વલાદ ગામેથી ૩-૩ કેસ તેમજ દશેલા, ધણપ, આલમપુર, ઉનાવા, વડોદરા ગામેથી ૨-૨ કેસ ઉપરાંત સરઢવ, ડભોડા, દોલારાણા વાસણા, માધવગઢ, સાદરા, શિહોલી મોટી, ચંદ્રાલા, છાલા, ગિફ્ટસીટી, લવારપુર, ઈસનપુર મોટા, શેરથા, મગોડી ગામેથી પણ કેસો મળી આવ્યા છે.

કલોલમાં કોરોનાની બીજી લહેરમાં લોકો ઝડપથી સંક્રમિત થઈ રહ્યા છે. અગાઉ અત્યંત સંવેદનશીલ બનેલ આ તાલુકામાં કોરોનાએ પુનઃ દેખા દીધી છે. અહિયાં મોટી સંખ્યામાં કેસો નોંધાઈ રહ્યાનું સ્થાનિક લોકોનું કહેવુ છે. હોસ્પિટલો દર્દીઓથી ભરાઈ ગઈ છે. ગ્રામીણ વિસ્તારમાં પણ સંક્રમણે ગતિ પકડી છે અને આરોગ્ય સેવાઓ લગભગ કથળી ચુકી છે.

કલોલમાં આજે વધુ ૨૮ કેસ નોંધાયા છે. જેમાં કલોલ અર્બનમાં ૧૧ કેસ નોંધાયા છે. કલોલ અર્બન-૧ વિસ્તારમાં ૩ અને કલોલ અર્બન ૨ વિસ્તારમાં આજે ૮ કેસ નોંધાયા છે.

કલોલ તાલુકાના વડસર અને નાસ્મેદ ગામેથી ૩-૩ કેસ, બોરીસણા, આરસોડિયા, લીંબોદ્રા ગામેથી ૨-૨ કેસ તેમજ પીયજ, પાનસર, વાયણા, ધમાસણા, મુબારકપુરા ગામેથી કેસો મળી આવ્યા છે.

માણસા તાલુકામાં આજે બીજે દિવસે પણ ૫૦ થી વધુ કેસ નોંધાતા તંત્ર હચમચી ઉઠ્યુ છે. માણસા તાલુકામાં આજે ૫૩ કેસ નોંધાયા છે.

માણસા શહેરમાં તો કોરોનાનો જાણે વિસ્ફોટ થયો છે. આજે માણસા અર્બનમાંથી ૧૭ કેસ નોંધાયા છે. તાલુકાના ગ્રામ્ય વિસ્તાર આજોલમાંથી ૪ કેસ, અજરપુરા, પુંધરા, ગ્રામભારતી, પાટણપુરા ગામેથી ૩-૩ કેસ, અનોડિયા, હિંમતપુરા, લોદરા, રિદ્રોલ, વરસોડા ગામેથી ૨-૨ કેસ ઉપરાંત બાપુપુરા, સમૌ, ખરણા, કુવાદરા, રંગપુર, દેલવાડ, અમરાપુર, બદપુરા, રાજાપુરા, રામપુરા ગામેથી પણ કેસો મળી આવ્યા છે.

માણસા તાલુકામાં સર્વેલન્સ સઘન કરવા તેમજ સોશ્યલ ડિસ્ટન્સીંગનું પાલન કરવા માટે તંત્રને સૂચનાઓ આપવામાં આવી છે. તાલુકામાં જે ગતિએ કેસો મળી રહ્યા છે તેનાથી તંત્રની ચિંતામાં વધારો થયો છે. તાલુકામાં પરિવારોના પરિવાર સંક્રમિત થયેલા મળતા હોવાથી તંત્રની ચિંતા વધી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૬૯ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૬૦૦૧ લોકો કોરોનામુક્ત થઈ ચુક્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા દર્દીઓમાંથી આજે એક દર્દીનું મોત થયાનું રાજ્ય સરકારે જણાવ્યુ છે. જો કે જિલ્લાતંત્રએ આ બાબતે મૌન સેવ્યુ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૪૧૬ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે અને ૮૧૫૮ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં સંક્રમણ વધતાં કન્ટેનમેન્ટ ઝોન પણ વધ્યા છે.

જિલ્લામાં સંક્રમણ વધતાં વેક્સીનેશન કાર્યક્રમ પર વિપરીત અસરો પડી રહી છે.

ગાંધીનગર શહેરમાં પણ કોરોનાનું સંક્રમણ વધી રહ્યુ છે અને તેથી તંત્રની દોડધામ વધી જવા પામી છે. શહેરમાં આજે નવા ૧૬૫ કેસ નોંધાયા છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં યુવા, મહિલા તેમજ મોટીવયના લોકોનો સમાવેશ થાય છે.

શહેરમાં આજે સે. ૨ માં ૧૯, સે. ૭ માં ૧૦, સે. ૨૨ માં ૮, સે. ૨૭, ૨૮ અને સે. ૩ માં ૫-૫ કેસ, સે. ૨૯ માં ૭ કેસ, સે. ૪, ૧૯, ૨૧, ૩ માં ૩-૩ કેસ, સે. ૩-એ-ન્યુમાં ૪ કેસ, સે. ૧, ૫, ૧૨ માં ૨-૨ કેસ, સે. ૧૩ માં ૬ કેસ તેમજ સે. ૧૪, ૧૫, ૧૭, ૨૪ અને ૩૦ માંથી પણ કેસ મળી આવેલ છે.

શહેરમાં સમાવિષ્ટ સરગાસણ ગામમાંથી ૧૮, કુડાસણમાંથી ૧૧, વાવોલ-ઝુંડાલમાંથી ૭-૭, જીઈબીમાંથી ૪ કેસ, ભાટમાંથી ૬ કેસ, રાંદેસણમાંથી ૫ કેસ, પેથાપુર, રાંધેજા અને રાયસણમાંથી ૩-૩ કેસ ઉપરાંત સુઘડ, બોરીજ, ધોળાકુવા, જીટીસી, પોર, ઈન્ફોસીટી વિસ્તારમાંથી પણ કેસ મળી આવેલ છે.

શહેરમાં સંવેદનશીલ બનેલા વિસ્તારોમાંથી જે રીતે કેસો વધી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા અને દોડધામ વધી જવા પામી છે. શહેરમાં રિકવરી રેટ પણ ઘટવા પામ્યો છે.

શહેરમાં કન્ટેનમેન્ટ ઝોનની સંખ્યા પણ વધી છે. સોશ્યલ ડિસ્ટન્સીંગ અને માસ્ક ફરજીયાતના નિયમનની અમલવારી થાય તે માટે સૂચનાઓ આપવામાં આવી છે. શહેરમાં હોમ આઈસોલેશનમાં રહેલા દર્દીઓનું મોનીટરીંગ સઘન કરવા માટે પણ તંત્ર દ્વારા સૂચના આપવામાં આવી છે અને શહેરી વિસ્તારમાં ટેસ્ટીંગનું પ્રમાણ વધારી ૧૫૦૦ થી વધુ લોકોને રોજેરોજ આવરી લેવામાં આવી રહ્યાનું જાણવા મળેલ છે.

શહેરમાં આજે ૮૫ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવ્યો છે. શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા ૫૬૦૦ને પાર કરી ગઈ છે. ૪૨૦૦ થી વધુ દર્દીઓ અત્યાર સુધીમાં રિકવર થઈ ચુક્યા હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

શહેરમાં આજે સંક્રમિતોની યાદીમાં ૭૨ મહિલા દર્દીઓનો પણ સમાવેશ થાય છે. કોરોનાની આ બીજી લ્હેરમાં મહિલા દર્દીઓની સંખ્યા જે ગતિએ વધી રહી છે તેણે તંત્રની ચિંતામાં વધારો કર્યો છે.

## શહેરમાં ૨૬ કોરોના પોઝીટીવ મૃતકોની અંતિમવિધિ કરાઈ

પાટનગરમાં વૈશ્વિક મહામારી કોરોના અજગરી ભરડો લઈ નાગરીકોને ભયભીત કરી રહ્યો છે. કોરોના સંક્રમણને અટકાવવા માટે તંત્ર કમર કસી રહ્યું છે તેમ છતાં કોરોના કેસ સતત વધી રહ્યા છે. કોરોનાને કાબુમાં કરવા માટે સરકારે કેટલાક શહેરોમાં રાત્રીના ૮ થી સવાર ૬ વાગ્યા સુધી કરફ્યુ જાહેર કરવામાં આવ્યુ છે. ત્યારે પાટનગર ગાંધીનગરની હાલત બદતર બનતી જાય છે. કોરોના પોઝીટીવ કેસમાં ચિંતાજનક ઉછાળો નોંધાયો છે. ત્યારે કોરોના પોઝીટીવ મૃતકોની સંખ્યામાં પણ નોંધપાત્ર જોવા મળી રહી છે. મંગળવારના રોજ શહેરમાં ૨૬ કોરોના મૃતકોની અંતિમ ક્રિયા કરવામાં આવી છે જેમાં સેક્ટર-૩૦ મુક્તિધામ ખાતે ૧૮ અને સરગાસણ રૂદ્રભૂમિ ખાતે ૮ કોરોના મૃતકોની અંતિમવિધિ કરાઈ છે.

## માત્ર ચાર દિવસના અંતરે સગી દેરાણી-જેઠાણી કોરોનાનો કોળિયો બની ગયાં..!!

ગાંધીનગર તા. ૨૭

કોરોનાને કારણે અનેક પરિવારોમાં એકથી વધુ સભ્યો મોતને ભેટ્યાં હોય તેવી ઘટનાઓ સર્જાઇ રહી છે. પરિવારોના પરિવારોમાં કોરોનાનો કેર મોતનું તાંડવ કરી રહ્યો છે. દહેગામના માણેકપુર ગામે બે બહેનપણીઓ જેવી દેરાણી-જેઠાણીની જોડીને કોરોના કાળ ભરખી જતા સમગ્ર વિસ્તારમાં અરેરાટી પ્રસરી જવા પામી છે.



દહેગામ તાલુકાના માણેકપુર ગામમાં એક પાટીદાર પરિવારની ભારતીબેન અને મંગુબેન નામની સગી દેરાણી-જેઠાણી કોરોના પોઝિટિવ થઇ હતી અને બંને સારવાર હેઠળ હતા ત્યારે માત્ર ચાર જ દિવસના અંતરે બન્ને દેરાણી-જેઠાણીનું એક પછી એક મોત નિપજ્યું હતું. તા.૨૩ એપ્રિલના રોજ ભારતીબેન અશોકભાઇ પટેલનું કોરોનાથી નિધન થયું હતું તે પછી આજે એટલે કે તા.૨૭ એપ્રિલના રોજ મંગુંબેન રમણભાઈ પટેલનું પણ કોરોનાથી મૃત્યુ થવાથી પરિવાર પર મોટી આફત આવી પડી છે. હંમેશા સંપ અને પ્રેમથી રહેતી પાટીદાર પરિવારની આ બે વહુઓ માત્ર ચાર જ દિવસના ટૂંકા ગાળામાં આ દુનિયા છોડી જતા પરિવાર પર ઘેરા શોકની કાલિમા પ્રસરવા પામી છે. દેરાણી-જેઠાણીની જોડીના મોતથી માણેકપુર ગામમાં ગમગીની ફેલાઇ જવા પામી છે.

## સે. ૨૩ ના વેપારી અને સુખડિયા સમાજના અગ્રણી કૌશિક સુખડિયાનું અવસાન

ગાંધીનગર, તા. ૨૭



ગાંધીનગર શહેરની મીઠાઈ અને ફરસાણ વેપારી એસોસિએશનના પ્રમુખ તેમજ સે. ૨૩ના અગ્રણી વેપારી કૌશિકભાઈ સુખડિયાનું કોરોનાની સારવાર દરમ્યાન મોત થયુ છે. કૌશિકભાઈ સુખડિયાના અવસાનના સમાચારથી સમગ્ર વેપારીઆલમ અને સે. ૨૩ માં ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામી હતી. અત્યંત પ્રેમાળ અને સાલસ સ્વભાવ ધરાવતા કૌશિકભાઈ સુખડિયા સમાજના અગ્રણી હતા તેમજ તેમની સેવાકીય પ્રવૃત્તિઓથી આગવી ઓળખ ઉભી કરી સૌના પ્રિય બન્યા હતા. મુખારવિંદ પર સ્મિત રાખી સૌને એટલા પ્રેમથી બોલાવતા હતા. શહેરમાં પ્લાસ્ટીક પર પ્રતિબંધ મુકાયા પછી ૨૦ માઈક્રોનથી વધુની પ્લાસ્ટીક બેગ વાપરવાની મંજૂરી માટે તેમણે ઉગ્ર રજુઆતો કરી હતી.



શહેરમાં કોરોનાનો કહેર યથાવત છે. રોજબરોજ નવા કેસનો આંકડો પણ ચિંતા વધારી રહ્યો છે. જયારે કોરોનાના લીધે મોતને ભેટતા દર્દીઓની સંખ્યા પણ વિશેષ છે. આવા સંજોગોમાં પાટનગરમાં સરકારની આંખ સામે જ સિવિલ હોસ્પિટલ સંકુલમાં સમયસર સારવાર ન મળતા કોરાનાના દર્દીઓ તડપી રહ્યા છે. સિવિલ હોસ્પિટલ કોરાનાના દર્દીઓથી હાઉસફુલ છે. જયારે ૧૦૮ માં સારવાર અર્થે આવતા દર્દીઓને પણ જગ્યા મળતી નથી મંગળવારે પણ સિવિલ સંકુલમાં એમ્બ્યુલન્સની કતાર જોવા મળી હતી. જેના પરથી સ્પષ્ટ થાય છે કે કોરોનાના દર્દીઓને સારવાર પુરી પાડવાના મામલે જમીની હકીકત કાંઈક અલગ છે. દર્દીઓને કલાકો સુધી એમ્બ્યુલન્સમાં જ સમય વિતાવવો પડે છે. એમાં પણ નસીબજોગે વારો આવે તો ઠીક....

## ધો -૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષા અંગે મેંના બીજા સપ્તાહમાં નિર્ણય લેવાશે

ગાંધીનગર તા ૨૭

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી મેં મહીના દરમિયાન લેવાનારી બોર્ડની પરીક્ષા મોકુફ રાખવામાં આવ્યા બાદ હજુ સુધી પરીક્ષા અંગે કોઈ જાહેરાત કરવામાં આવી નથી. કોરોનાના કપરા કાળ વચ્ચે હાલ પરીક્ષાર્થીઓ તેમની તૈયારી કરી રહ્યા છે. ત્યારે બોર્ડ કક્ષાએથી આગામી તા ૧૫ મેં ના અંતે પરીક્ષા સંદર્ભે આગળ વિચારણા કરી તારીખ જાહેર કરાશે તેમ પણ જાણવા મળ્યુ છે.

કોરોના કાળમાં ધો -૧૦ અને ૧૨ ના અંદાજિત ૧૬ લાખ વિદ્યાર્થીઓની પરીક્ષા અટવાઈ છે. બોર્ડ પરીક્ષા મોકુફ રાખવામાં આવ્યા બાદ ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા હજુ સુધી પરીક્ષાની નવી તારીખે કે અન્ય કોઈ ગાઈડલાઈન અંગે જાહેરાત કરવામાં આવી નથી. હાલ કોરોનાનો કહેર વધ્યો છે. ત્યારે સ્વાભાવિક રીતે જ પરીક્ષા લક્ષી આયોજન અંગે કોઈ આખરી નિર્ણય લેવાયો નથી. પરંતુ ધો -૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષા અંગે આગામી તા ૧૫ મેં ના અંતે નિર્ણય લેવામાં આવે તેવી સંભાવના છે. જયારે આ દરમિયાન પરીક્ષામાં એક વર્ગ ખંડમાં કેટલા વિદ્યાર્થી બેસાડવા સહીતના તમામ મુદ્દે ગાઈડલાઈન પણ તૈયાર કરાશે. બેકાબુ બનેલા કોરોનાના લીધે ધો ૧ થી ૯ અને ધો -૧૧ ના વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવામાં આવ્યુ છે. જયારે બોર્ડની પરીક્ષા મોકુફ રાખવામાં આવી છે. પરંતુ હાલ કોરોનાએ ભયજનક સપાટી વટાવી દીધી છે ત્યારે આવા સંજોગોમાં બોર્ડના વિદ્યાર્થીઓની પરીક્ષા લેવાશે કે કેમ તે અંગે પણ અનેક અટકળો વહેતી થઇ છે. ત્યારે બોર્ડના સુત્રો કક્ષાએથી પણ આગામી દિવસોમાં આ મામલે બેઠક યોજવામાં આવશે તેમ પણ જાણવા મળ્યુ છે. જયારે આ બેઠક દરમિયાન પરીક્ષા સંદર્ભે પણ નિર્ણય લેવાય તેવી સંભાવના છે.

## શહેરમાં સતત બીજા દિવસે ગરમીનો પારો ૪૩ ડીગ્રી

### કોરોના અને ગરમીના કહેરથી બચવા માટે નાગિરકો ઘરમાં જ લોકડાઉન : શહેરમાં સન્નાટો

ગાંધીનગર તા ૨૭

શહેરમાં કોરોનાના કહેર વચ્ચે ગરમીએ પણ ઉગ્ર મિજાજ દાખવ્યો છે. ગરમી પણ કોરોનાની જેમ આક્રમક મુડમાં છે. આજે સતત બીજા દિવસે પણ મહત્તમ તાપમાન ૪૩ ડીગ્રી રહ્યુ હતુ. સતત બે દિવસથી ગરમીનો પારો ૪૩ ડીગ્રીએ રહેતા નગરજનો આકરી ગરમીમાં શેકાઈ રહ્યા છે. બપોરે અંગ દઝાડતી ગરમી અને કોરોનાના કહેરથી બચવા માટે સેકટરવાસીઓ ઘરમાં જ પુરાયેલા જોવા મળે છે. કોરાનાની સાથે ગરમી ઉગ્ર બનતા શહેરના માર્ગો પર સદંતર સન્નાટો જોવા મળી રહ્યો છે.

શહેરમાં ગત દિવસોમાં વાતાવરણ પલ્ટાના લીધે નગરજનોએ ગરમીમાં રાહત અનુભવી હતી. જયારે બે ચાર દિવસોમાં અચાનક જ ગરમીનો પારો ફરી ઉંચકાયો છે. બે દિવસ અગાઉ મહત્તમ તાપમાન ૪૦ ડીગ્રીની નીચે જોવા મળ્યુ હતુ જયારે વાતાવરણ પલ્ટાના અંતે નગરજનોએ ગરમીમાં રાહત પણ અનુભવી હતી જયારે છેલ્લા બે દિવસથી ગરમીનો મિજાજ ઉગ્ર જોવા મળી રહ્યો છે. ગઈકાલે મહત્તમ તાપમાન ૪૩ ડીગ્રીએ પહોંચી જતા સિઝનની રેકર્ડ બ્રેક ગરમી નોંધાઈ હતી જયારે આજે પણ ગરમીનો મિજાજ યથાવત રહ્યો છે. આજે પણ ગરમીનો પારો ૪૩ ડીગ્રીએ રહ્યો હતો. જેના લીધે બપોરના સમયે આકાશમાંથી અંગારા વરસ્યા હતા. આક્રમક હીટ વેવની અસરથી બચવા કોરોના કાળમાં નગરજનો આખો દિવસ ઘરમાં જ પુરાયેલા રહ્યા હતા. જેના લીધે દિવસ દરમિયાન નગરના માર્ગો પર સુનકાર પ્રવર્તયો હતો. એકબાજુ કોરોનાએ કાળોકેર વર્તાવ્યો છે. ત્યારે ગરમીનુ જોર પણ વધ્યુ છે. કોરાનાના ડર વચ્ચે નગરજનો ઠંડી ચીજ વસ્તુઓ ખાવાનુ ટાળી રહ્યા છે. ત્યારે ગરમીના દિવસોમાં ઠંડા ઠંડા કુલ કુલ રહેવાનુ પણ વધુ મુશ્કેલ બન્યુ છે. ગરમીમાં ઠંડક આપતા ફ્રુટસની કીંમત પણ વધુ ગરમીનો અહેસાસ કરાવે તેવી છે. ત્યારે કોરોનાની સાથે ગરમી પણ નગરજનો માટે તકલીફનુ કારણ બની રહી છે. જો કે કોરોનાના લીધે આમ પણ નાગરિકો ઘરમાંથી બહાર નિકળવાનુ પસંદ કરતા નથી ત્યારે ગરમીના લીધે શહેરમાં સજ્જડ લોકડાઉન જેવા દ્રશ્યો જ જોવા મળી રહ્યા છે.

## નાસે રોગ હરે સબ પીડા...

## સેકટરોમાં ઘરે ઘરે હનુમાન ચાલીસાના પઠન સાથે કોરોનાને મ્હાત કરવા પ્રાર્થના

### કોરોના વાયરસનો નાશ કરવા ત્વરિત કોઇ સંજીવનીની શોધ થાય તેવી પ્રાર્થના સાથે હનુમાન ચાલીસાની ચોપાઇનુ પઠન કર્યુ



ગાંધીનગર તા ૨૭

કોરોનાના કાળચક્રને લપડાક મારવા માટે સૌ કોઈ હવે માત્ર ઈશ્વરી શકિતના ભરોસે છે. કોરોનાના કેસ વધી રહ્યા છે. વધતા મૃત્યુઆંક વચ્ચે સ્મશાનમાં પણ કતાર જોવા મળે છે. આ ધ્રુજારી લાવી દે તેવા દ્રશ્યોથી નગરજનોમાં ફફડાટ પ્રવર્તયો છે. આજે હનુમાન જયંતિના દિવસે નગરજનોએ ઘરે ઘેર હનુમાન ચાલીસાના પાઠ કરીને જન આરોગ્યની સુખાકારી માટે પ્રાર્થના કરી હતી.

નાસે રોગ હરે સબ પીરા જપત નિરંતર હનુમંત વીરા..... કોરોનાના આ કાળચક્ર વચ્ચે સૌ કોઈ મુસીબતમાં છે. સમગ્ર દેશમાં કોરોનાની બીજીલહેરની સુનામીથી રોજબરોજ લાખો નાગરિકો સંક્રમિત થઈ રહ્યા છે. અનેક જીવ ગુમાવી રહ્યા છે. ત્યારે આ ભયજનક સ્થિતિ વચ્ચે નાગરિકોમાં ધ્રુજારી છુટી ગઈ છે. કોરોનાના લીધે રોજબરોજ મૃત્યુના નવા આંકડા સામે આવી રહ્યા છે. હોસ્પિટલમાં જગ્યા નથી અને સ્મશાનમાં મોટી કતાર જોવા મળી રહી છે. કોરોનાના વધતા કહેર વચ્ચે સૌ કોઈ ભયભીત છે. હોસ્પિટલમાં બેડની ઉપલબ્ધતા વચ્ચે દર્દીઓ એમ્બ્યુલન્સમાં જ દમ તોડી રહ્યા છે. હોસ્પિટલમાં બહાર એમ્બ્યુલન્સની લાઈન જોવા મળી રહી છે. ઓક્સિજન ખુટી પડતા પણ અનેક દર્દીઓ મોતને ભેટી રહ્યા છે. આવા કપરા સંજોગોમાં નગરજનો માત્ર ઈશ્વરના સહારે છે. કહેવાય છે ને બધુ રામભરોસે છે. હાલના સંજોગોમાં તો સાચા અર્થમાં હવે રામ સિવાય કોઈના પર ભરોસો રહ્યો નથી તેમ પણ રોજબરોજ આંખ સામે ચઢતા દયાજનક દ્રશ્યો પરથી સ્પષ્ટ થાય છે. આજે પણ રામનવમીની જેમ નાગરિકોએ ફરી એકવાર અદ્રશ્ય વાયરસ સામે લડવા માટે અદ્રશ્ય શકિતને સાદ કર્યો હતો.

આજે હનુમાન જયંતિ નિમિત્તે નગરજનોએ ઘરે ઘરે હનુમાન ચાલીસાના પાઠ કર્યા હતા. કોરોના વાયરસે નાગરિકોના શ્વાસ છીનવી લીધા છે. કોરોના સામે લડત આપવા માટે અને રક્ષણ મેળવવા માટે નગરજનોએ ઘરે ઘરે નાસે રોગ પીડા જપત નિરંતર હનુમંત વીરાની ચોપાઈ સાથે હનુમાન ચાલીસાના પાઠ કર્યા હતા. હનુમાનજી કૃપા કરે અને કોરોના સામે અસરકારક રામબાણરૂપી દવાની શોધ થાય તેવી લાગણી સાથે આજે નગરજનોએ હનુમાન ચાલીસાનુ પઠન કરી રામભક્ત હનુમાનજીના ચરણોમાં પ્રાર્થના કરી હતી. કોરોના વાયરસ રૂપી રાક્ષસનો સંહાર કરવા અને જન આરોગ્યની સુખાકારી માટે પણ ઘરે ઘરે પ્રાર્થના કરવામાં આવી હતી.

## પંચાયતની કચેરીઓમાં પણ મુલાકાતીઓ પર પ્રતિબંધ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લા કલેક્ટર બાદ મહાનગરપાલિકા અને હવે જિલ્લા પંચાયતે પણ મુલાકાતીઓના પ્રવેશ પર પ્રતિબંધ લાદ્યો છે. મુલાકાતીઓએ જિલ્લા અને તાલુકા પંચાયતમાં અધિકારીઓ સાથે પહેલાં ફોન પર વાત કરી અને મંજૂરી લીધા બાદ જ પ્રવેશ કરવાનો રહેશે. જિલ્લા વિકાસ અધિકારીએ આજે આ અંગેના જરૂરી હૂકમો કોવિડ-૧૯ના વધી રહેલા સંરકમણને ધ્યાને રાખી કર્યા છે.

દુઃખદ અવસાન / ટેલિફોનિક બેસણું



સ્વ. પ્રવીણચંદ્ર નગીનદાસ દોશી

દિલગીરી સાથે જણાવવાનું કે અમારા પ. પુ. પિતાશ્રી પ્રવીણચંદ્ર નગીનદાસ દોશી (ગોધરાવાળા) તા. ૨૬/૦૪/૨૦૨૧, સોમવાર ના રોજ અરિહંત શરણ પામ્યા છે.

વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખતા ટેલિફોનિક બેસણું તા. ૨૯/૦૪/૨૦૨૧, ગુરુવાર સવારે ૧૦.૦૦ થી ૧૨.૦૦ કલાક સુધી રાખેલ છે.
સ્થળ: પ્લોટ નં ૧૨૫૬/૧, સેક્ટર - ૭ ડી, ગાંધીનગર

લિ.
નીરજ દોશી - ૯૯૨૪૨૫૮૪૦૦
અ. સૌ. ધર્મિષ્ઠા નિરજ દોશી - ૯૦૯૯૯૧૪૩૪૨
વંશ નીરજ દોશી - ૯૯૭૮૮૮૦૦૫૭
ગં. સ્વ. કોકિલાબેન પ્રવીણચંદ્ર દોશી

FIGHT CORONA M. 90998 72551
સેનેટાઈઝ સર્વિસ
ફ્લેટ બંગલો ઓફીસ બિલ્ડીંગ
૫ લિટર સેનેટાઈઝર તથા ૫ N95 માસ્ક ફ્રી આપવામાં આવશે.
FDA & ISO સર્ટીફીકેટ વાળા સેનેટાઈઝર સ્પ્રે થી ક્વોરનટાઈન પહેલા અને પછી પણ સર્વિસ આપવામાં આવશે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com